# સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મુક્ત રીતે બોલે આવૈસીઓ, એ સહ્યા કરો!
તમે કૈં કહો તો મૂકી દે બાન, એ સહ્યા કરો!
એમનાં નિવેદનો નો આતંક પણ સહ્યા કરો!
'ધર્મ નિરપેક્ષતા' નામે અધર્મ સહ્યા કરો!
(કલમ હસનની ફિલ્મ પર બાન)

## હાઈકુ

સત્તા પક્ષનું,
બને છે હથિયાર -
બિચારૂં તંત્ર..
(ગડકરી ધમકી)

પ્રજા પિડીતા,
પિડાય અન્યાયથી -
કોર્ટ તારીખો!
(દેર અને અંધેર બંને)

## ચિંતન

ઇહાનેકે સન્તઃ સતતમુપકારિણ્યુપકૃતિં કૃતજ્ઞાઃ કુર્વન્તો જગતિ નિવસન્તો અપિ સુધિપઃ ।
કિયન્તસ્તે સંતઃ સુકૃત પરિપાક પ્રણિચિનો વિના સ્વાર્થ યેષાં ભવતિ પરકૃત્યવ્યસનિતા ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સજ્જન પ્રશંસા' નો આ શ્લોક છે, સજ્જન સ્વભાવની આમાં વાત છે :

'જે લોકો પોતાની ઉપર અનેક ઉપકારો વારંવાર કરતા હોય, એવાં માણસો ઉપર બદલાની ભાવનાથી, તે ઉપકારનું ઋણ ચૂકવવા સ્વરૂપે પોતે પણ જે ઉપકાર કરે છે તેવા કૃતજ્ઞ અને સદ્‌બુધ્ધિવાળા લોકો તો આ જગતમાં ઘણાં છે, પરંતુ કોઇ જ સ્વાર્થ વિના જ અજાણ્યાં પારકાં લોકોને સહાયભૂત થઇ તેમનાં કામ કરવાનું જેને વ્યસન છે, અને પોતાના પૂર્વજન્મોનાં સત્કર્મોના પરિપાર રૂપે કર્મોમાં - પુણ્યકર્મોમાં પ્રિતી ધરાવે છે એવા સજ્જન લોકો આ સંસારમાં બહુ ઓછા હશે.'

સામાન્ય રીતે જગત એવું વ્યવહારૂં છે કે એક હાથે લે અને બીજે હાથે આપે, સામાન્ય પડોશમાં વાટકી વહેવાર ચાલતો હોય તેમાં પણ આવી જ ગણતરી હોય, 'આપણે બે વાર આપ્યું, તેમનાં તરફથી હજી કંઇ આવ્યું નથી.'

બદલામાં ચાલતો ઉપકારનો વ્યવહાર નિયમિત હોય તે સજ્જનતા છે પણ કોઇ પરિચય વિના, કોઇ સ્વાર્થ વિના, કોઇ અપેક્ષા વિના પણ જો સેવા-ઉપકાર કરવામાં આવે એ જ સાચો સજ્જન અને એ જ સાચી સજ્જનતા છે.

## સુવિચાર

- પ્રતિભા અને અભિવ્યક્તિના સુયોગ્ય ઔચિત્યથી વ્યક્તિ દીપી ઉઠે છે, દીપી ઉઠેલું વ્યક્તિત્વ જીવનનો અમણોલ ખજાનો છે - **વિશ્વકર્મા**
- મનુષ્યનું મૂલ્ય તેણે કરેલાં કાર્યો કે તેના કથન પરથી નહીં પણ સમગ્ર જીવન પોતે ઉપસાવેલાં 'ચરિત્ર' પરથી, આંકવું જોઇએ - **શ્રી અરવિંદ**
- જો આપણે આપણાં શત્રુઓનાં છૂપા રહસ્યો, દુખો જાણી જઇશું તો ખબર પડશે કે માણસની જિંદગીમાં કેટકેટલાં દુખો છે, તે જોઇ-જાણીને આપોઆપ આપણી દુશ્મની ખતમ થઇ જશે - **લોંગ ફેલો**
- માનવીનો ખૂદ, પોતાનાથી મોટો, બીજો કોઇ જ દુશ્મન નથી - **પેટ્રાક**
- જે વ્યક્તિ જીવનમાં આવતાં કષ્ટ-મુશ્કેલીઓથી દૂર ભાગવા પ્રયત્નશીલ રહે છે તે ડરપોક વ્યક્તિ કદી પણ વીર-બહાદુર ન થઇ શકે - **સિસેરો**
- સૂર્ય એ ચિંતા નથી કરતો કે કોણ તેની સ્તુતિ કરે છે ને કોણ નથી કરતું, છતાં સર્વને કૃપાદાન કરે છે - **એલ.એન. મિશ્રા**
- વૃધ્ધાવસ્થા શાંતિથી પસાર કરવી હોય તો તમે તમારા માટે નહીં બીજાને માટે જીવવાનો પ્રયત્નો કરો - **એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

આપણી જિંદગીમાં પ્રૌઢ વયે કે વૃધ્ધાવસ્થામાં જયારે ચિંતન કરીએ છીએ, ત્યારે આપણા બચપણના સહાધ્યાયીઓ, મિત્રો, સ્નેહી-સંબંધીઓ, સહુ-કાર્યકરો, (નોકરી-ધંધામાં) અરે ઘણીવાર તો ભાઇ-ભાઇને કે પતિ-પત્નીને પણ છેવટ સુધી ઓળખી નથી શકતાં- મનમાં વસવસો રહી જાય કે 'મને કોઇ ઓળખી શક્યું નહીં' એવા અન્યાય સાથે જ ચિતા પર ચઢ્યું પડે!! અને કદાચ એવું પણ હોય કે આપણે આપણી જાતને જ ઓળખી નથી શક્યા! એ પણ વિચારણીય છે.

સંત બાયઝદ પોતાની કુટિરનું બારણું બંધ કરી એકાંતમાં 'ચિંતન'માં હતા.

..ત્યાં બારણે ટકોરા પડ્યા.

સંત બાયઝદે પૂછ્યું - તમે કોણ છો ભાઇ! ટકોરા પાડનારે કહ્યું, હું મુમુક્ષુ છું અને સંત બાયઝદને શોધવા નિકળ્યો છું, શું મને બાયઝદ મળશે ખરા?

બાયઝદે, અંદરથી જ, બારણું ખોલ્યા વિના જ જવાબ દીધો, 'ભાઇ હું પણ છેલ્લા વીસ વર્ષથી એને શોધી રહ્યો છું, પણ હજી સુધી મને પણ એ મળ્યા નથી, હું પણ એને શોધી શક્યો નથી.'

# રાષ્ટ્રપ્રેમથી ધગતા, માનવ અધિકારના રક્ષક, એ મહામાનવ, કર્મવીર અને અમર વિશ્વવિભૂતિ ડો. બાબા સાહેબને આ સપરમા દહાડે કોટિ કોટિ પ્રણામ!

### ● માંગલિક પ્રસંગ સેતુ

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

૬૪મા જળહળતા ગણતંત્ર-લોકતાંત્રિક દિનનું ઊગ્યું સોનેરી સલૂણું સુપ્રભાત!

આજે ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૩ એટલે કે ભારતના ૬૪માં જળહળત, સપરમાં ગણતંત્ર - લોકતાંત્રિક પ્રજાસત્તાક દિનનું સલૂણું સોનેરી સુપ્રભાત!

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭નાં રોજ સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ, ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦નાં દિવસે ભારત એક સ્વતંત્ર સાર્વભૌમ અને લોકતાંત્રિક દેશ બન્યો. તે દિવસથી ભારતમાં જનતાનું, જનતા માટે, જનતા દ્વારા ચલાવાતી સરકારનું શાસન અમલી બન્યું અને "ભારતનું સંવિધાન" અમલમાં આવ્યું. આ ભારતના સંવિધાન માટેની બંધારણ સભાની ચૂંટણીનું ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરે તા. ૨૭-૬-૧૯૪૬ ના રોજ ઉમેદવારી પત્ર ભર્યું. જેનું પરિણામ તા. ૧૯-૭-૧૯૪૬ના દિવસે ઘોષિત થતાં, ડૉ. બાબાસાહેબ સમગ્ર રાષ્ટ્રના સ્વતંત્ર ઉમેદવારોમાં સૌથી વધારે મતોથી ચૂંટાયા. બંધારણ સભાની પ્રથમ સભા. તા. ૯-૧૨-૧૯૪૬ના રોજ મળી. તા. ૧૧-૧૨-૧૯૪૬ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદ બંધારણ સભાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા. બંધારણ સભાએ બે વર્ષ, ૧૧ માસ અને ૧૭ દિવસો કામ કર્યુ. કુલ ૧૧ સત્રો થયાં. આ ૧૧ સત્રોમાં ૧૬૫ દિવસ કાર્ય થયું, જેમાં ૧૧૪ દિવસ બંધારણના મુસદ્દા અંગે વિચાર વિમર્શમાં ગાળ્યાં.

તા. ૨-૮-૧૯૪૭ના શુભ દિવસે સ્વતંત્ર ભારતના પ્રથમ કાનૂન મંત્રી તરીકેનું નિમંત્રણ જવાહરલાલ નહેરૂએ પાઠવતાં, તેનો બાબાસાહેબે સહર્ષ સ્વીકાર્ય કર્યો.

બંધારણ સભાની મુસદ્દા સમિતિ (Drafting Committee) ની ચૂંટણી તા. ૨૮-૮-૧૯૪૭ના દિવસે કરવામાં આવી. આ સમિતિના સાત સભ્યોમાં ચેરમેન તરીકે તા. ૨૯-૮-૧૯૪૭ ના દિને ડૉ. બી.આર. આંબેડકરને ચૂંટવામાં અવ્યા. જેની પહેલી બેઠક તા. ૩૦-૮-૧૯૪૭ના દિવસે યોજાઇ. આ બેઠકો ૧૪૧ દિવસો ચાલી.

બંધારણસભા દ્વારા બંધારણના મૂળ મુસદ્દામાં ૨૪૩ અનુચ્છેદ અને ૧૩ અનુસૂચિઓનો સમાવેશ થયેલ હતો. મુસદ્દા સમિતિ દ્વારા પ્રથમ મુસદ્દો રજૂ કર્યો તેમાં ૩૧૫ અનુચ્છેદો અને ૮ સૂચિઓ હતી. બંધારણના અંતિમ મુસદ્દામાં ૩૯૫ અનુચ્છેદ અને ૮ સૂચિઓ થયાં. બંધારણના મુસદ્દામાં લગભગ ૭૬૩૫ સુધારા સૂચવ્યા એમાંથી સભામાં ૨૪૭૩ સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. આપણું બંધારણ ૩૯૫ અનુચ્છેદ ધરાવે છે, જયારે અમેરિકાનું બંધારણ માત્ર ૭ (સાત) જ અનુચ્છેદનું છે.

આપણા પવિત્ર બંધારણમાં મૂળભૂત અધિકારોમાં મુખ્ય ત્રણ બાબતો (૧) સ્વતંત્રતા - સ્વાધીનતા (Liberty) (૨) સમાનતા - સરખાપણું (Equality) અને (૩) બંધુતા - ભ્રાતૃભાવ (Fraternity) નો સમાવેશ થાય છે.

ભારત દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. દેશનાં બંધારણમાં તમામ નાગરિકોને કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર, સમાન અધિકારો, સમાન તકો અને સમાન સ્વતંત્રતા આપવામાં આવી છે. ભારત જેવા વિશાળ અને બહુભાષી દેશમાં લોકોને પોતપોતાની પ્રાદેશિક ભાષામાં વહીવટ કરવાનો લાભ મળ્યો છે, સમાન વાણી સ્વાતંત્ર્ય મળ્યું છે. આમ છતાં વિવિદ સંપ્રદાયોમાં વખતોવખત અલગતાવાદી સૂરો ઉદ્‌ભવ્યા કરે છે, જે રાષ્ટ્ર માટે અતિશય નુકશાન કર્યા છે. આ ભાષા, કોમ, ધર્મ, સંપ્રદાય અને અલગ પ્રાંતની તીવ્ર લાગણી કયારેક આતંકવાદને જન્મ આપે છે.

સમાનતાનો અધિકાર હોવા છતાં જ્ઞાતિભેદ, ઊંચનીચના ભેદભાવ, અસ્પૃશ્યતા, નિરક્ષરતા, ગરીબી, અજ્ઞાનતા, અંધશ્રધ્ધા વિગેરે સામાજિક અનિષ્ટો દેશનાં વિકાસને રૂંધી રહ્યાં છે.

આપણા દેશમાં આપવામાં આવેલ એક મૂળભૂત અધિકાર છે સમાનતા. ગરીબી-તવંગર, ઊંચ-નીચ, સ્ત્રી-પુરૂષ કે શિક્ષિત-અશિક્ષિતના ભેદભાવ વગર બધાં જ નાગરિકોને ચૂંટણી લડવાનો અને મત આપવાનો અધિકાર મળેલો છે, પરંતુ ઘણા નાગરિકોમાં રાષ્ટ્રીય ચારિત્ર્યનો અભાવ હોવાથી, તેઓ દેશનાં હિતને બદલે પોતાના હિતને જ વધારે મહત્ત્વ આપે છે.

આપણા દેશમાં લોકશાહી તો છે; પણ જ્ઞાતિવાદ એના વિકાસમાં બાધક બનતું એક ઝેરી તત્ત્વ છે. જ્ઞાતિવાદ એ આપણા દેશ માટે ખરેખર વિઘાતક છે. લોકમાનસમાં ઘર કરી ગયેલી આ જ્ઞાતિવાદની પ્રથાને કારણે મહાત્મા ગાંધીજી અને અન્ય સમાજ સુધારકોના ભગીરથ પ્રયાસો છતાં, આજે પણ આપણે અસ્પૃશ્યતાને સંપૂર્ણપણે નિર્મૂળ કરી શક્યા નતી એ મોટી કરૂણતા અને આપણી મોટામાં મોટી નિષ્ફળતા છે. જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓની વાડાબંધીને કારણે સમાજમાં અસમાનતા અને વિષમતા વધતી જાય છે, જે સ્વરૂપ અને વિકાસશીલ લોકશાહી માટે ખૂબ જ હાનિકારક અને વિકાશશીલ લોકશાહી માટે ખૂબ જ હાનિકારક નીવડી શકે છે. બાબાસાહેબે કહેલું કે : 'હિન્દુ સમાજ ત્યારેજ સક્ષમ અને સશક્ત બની શકશે, જયારે તે જાતિવાદને જાકારો આપશે.' આમ લોકશાહી શાસન પ્રણાલીને સફળ બનાવવા અને દેશને વિકાસના પંથે લઈ જવા માટે આપણે જ્ઞાતિવાદનાં બંધનો તોડવાં જ પડશે. રાજકારણીઓ સામાજિક આગેવાનો તેમજ સાધુસંતોએ, જ્ઞાતિના ધોરણે રચાયેલી સમાજ વ્યવસ્થાને ખતમ કરવાં પ્રતિજ્ઞા લેવી પડશે અને તમામ જ્ઞાતિવાદી સંસ્થાઓને સાર્વજનિક સંસ્થાઓમાં ફેરવવા અને જ્ઞાતિવાદની પ્રથાને નિર્મૂળ કરવા માટે દેશનાં થનગનતા નવયુવાનોએ કટિબધ્ધ થઈ આગળ આવવું પડશે. લોકશાહીના જતન માટે જ્ઞાતિવાદને ધરમૂળથી નિર્મૂળ કરવાના સંનિષ્ઠ પ્રયત્નો કરવા એ આપણા સૌની પવિત્ર ફરજ છે.

કોમના નામે થતા વિખવાદો અને અલગ રાજયોની માગણીઓ રાષ્ટ્રીય એકતા અને અંખડિતતાને શિથિલ બનાવી રહ્યાં છે. પરિણામે દેશનાં વિકાસ પર વિઘાતક અસર થઈ રહી છે અને વિદેશી પરિબળો પણ આનો ગેરલાભ લઈ, આપણા દેશનાં અખંડિતતો હાનિ પહોંચાડવા માટે પરોક્ષ રીતે પ્રયત્નો કર્યા કરે છે. જગતના તમામ પ્રગતિશીલ રાષ્ટ્રોની હરોળમાં રહેવા અને કદમ મિલાવવા માટે આપણે આ જ્ઞાતિવાદને મિટાવી, સંગઠિત થવું જરૂરી છે. ભારતની જાહોજલાલી વધે અને તે વિકસિત રાષ્ટ્ર બને એ માટે, આપણે આપણી રાષ્ટ્રીય એકતાનું કોઈ પણ ભોગે જતન કરવું જ રહ્યું.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

ધર્મ સંપ્રદાય કે ભાષા સંબંધી વિખવાદો દેશની વિવિધ પ્રજાઓને એકબીજામાં ઓતપ્રોત થવામાં બાધક બનતાં રહ્યાં છે. તેને લીધે ભારતમાં ઐક્ય અને બંધુત્વની ભાવના જોઈએ તેટલી દઢ થઈ શકતી નથી. આપણા દેશનાં તમામ નાગરિકોને એક સરખા બંધારણીય અધિકારો મળેલા છે, અને સાથોસાથ નાગરિકોને દેશ પ્રત્યેની કેટલીક ફરજો બજાવવાની હોય છે. હક્ક અને ફરજ એ એક સિક્કાની બે બાજુઓ છે. આપણે સૌ પોતાના હક્કો પ્રત્યે સભાન છીએ પરંતુ ફરજો પ્રત્યે બિલકુલ ઉદાસીન અને બેદરકાર છી, એ આ દેશની કમનસીબી છે.

આપણા બંધારણની વિશિષ્ટતા એ છે કે, આ બંધારણ સભાએ અપરિવર્તનશીલતાની મહોર મારી નથી, પરંતુ જનતાને સંવિધાનમાં સંશોધન કરવાનો અધિકાર આ બંધારણે આપ્યો છે. અને સંશોધન કરવા માટે અત્યંત સુવિધાજનક પ્રક્રિયાની જોગવાઈ કરવા માટે અત્યંત સુવિધાજનક પ્રક્રિયાની જોગવાઈ કરવા માટે અત્યંત સુવિધાજનક પ્રક્રિયાની જોગવાઈ કરી છે, જે અન્ય દેશોનાં બંધારણોમાં નથી.

બાબાસાહેબે કહ્યું હતું કે : "૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે આપણે વિરોધાભાસ ભરેલી જિંદગી (A Life of Contadiction) માં પ્રવેશી રહ્યાં છીએ. જયાં રાજકીય જીવનમાં સમાનતા હશે, પરંતુ સામાજિક અને આર્થિક જીવનમાં અસમાનતાની બોલબાલા યથાવત ચાલુ રહે છે. આપણા જીવનમાં બંધુત્વના સિધ્ધાંતનો અભાવ છે. બંદુત્વને અર્થ એ છે કે, સમસ્ત ભારતીયોમાં ભાઈચારાની ભાવનાનો ઉદય!"

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીએ જેમને ૧૯૫૦માં "ડૉકટર ઑફ લોઝ"ની માનદ્‌ પદવી અર્પણ કરીને; ભારોભાર પ્રશંસા કરતાં જેઓને "ભારતીય બંધારણના ઘડવૈયા" તરીકે બિરદાવ્યા હતા, તે ડૉ. બાબાસાહેબ આંબેડકર કોઈ વર્ગના કે વર્ણના નેતા નહોતા. દલિતો પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતા હતી, પરંતુ તેમણે દલિતહિત કરતાં, રાષ્ટ્રહિતને સર્વોપરી ગણ્યું હતું. વર્ગવિહીન, જાતિવિહીન સમાજ એ બાબાસાહેબનું ધ્યેય હતું. તેમણે જડ અને રૂઢિવાદી હિન્દુ સમાજને ઢંઢોળવાનું યુગકાર્ય બજાવ્યું છે. તેઓ પ્રખર રાષ્ટ્રભક્ત, કુશળ રાજનીતિજ્ઞ, શોષિતોનાં સિપેહસાલાર, સામાજિક ન્યાયના પુરસ્કર્તા, બહિષ્કૃતોના મહાનાયક અને "ભારત રત્ન" એવા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના વિચારો આજેય પણ પ્રસ્તુત છે.

ધન્ય છે એ રાષ્ટ્રીય વીરને! રાષ્ટ્રપ્રેમથી ધગતા, માનવ અધિકારના રક્ષક, એ મહામાનવ, કર્મવીર અને અમર વિશ્વવિભૂતિ ડૉ. બાબા સાહેબને આ સપરમા દહાડે કોટિ કોટિ પ્રણામ!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એક કહેવાતા સંતે દિલ્હીના ગેંગરેપ પછી સ્ટેટમેન્ટ કર્યું કે 'જો કન્યાએ ગુંડાને ભાઈ બનાવી દીધો હોત તો કદાચ આ ઘટના નિવારી શકાઈ હોત!'

## હળવાશની ક્ષણોમાં !
### L.O.C. : આપણા માટે લક્ષ્મણ રેખા !
- ચિત્રસેન શાહ

અમારા મિત્રે અમારે ત્યાં આવવાની સાથે કે.બી.સી.ના પ્રથમ પ્રશ્ન જેવો સહેલો પ્રશ્ન પુછ્યો, 'બોસ, આજના ગુડ ન્યૂઝ શું છે?' મેં જવાબ આપ્યો 'આજે ન્યૂઝ પેપર નથી આવ્યું!' તેણે કહ્યું, 'મેં ન્યૂઝ પેપરનું નહીં પરંતુ ગુડ ન્યૂઝનું પૂછ્યું છે!'

મેં જવાબ આપ્યો, 'મેં પણ તમારા પ્રશ્નનો જ જવાબ આપ્યો છે!' તેમને મુઝાયેલા જોઇને મેં મારા જવાબની માર્ગદર્શિકા બહાર પાડી! મેં કહ્યું કહેવાય છે કે 'No News Is Good News' એટલે આજે ન્યૂઝપેપર નથી આવ્યું એ ગુડ ન્યૂઝ જ કહેવાય! કારણકે નકામા લોહી ઉકાળાથી તો બચાય! ન્યૂઝ પેપર આવે અને તેમાં કેન્દ્રિય પ્રધાન શ્રી ૧૦૦૮ શિંદે સાહેબનું અક્કલ વગરનું સ્ટેટમેન્ટ - 'આર.એસ.એસ. અને ભગવા પાર્ટી આતંકવાદની ટ્રેનિંગના કેમ્પ ચલાવે છે!!' વાંચીએ તો લોહી ઉકાળા થાય ને!

જેમ કહેવાય છે કે 'દેખવું નહીં ને દાઝવું નહીં' તેવી જ રીતે કહી શકાય કે 'વાંચવું નહીં' ને દાઝવું નહીં!'

આઝાદી મળ્યા પછી ગાંધીજીને આપણા નેતાઓ વિશે અગાઉથી જ ખ્યાલ આવી ગયેલો તેથી જ તેમણે તેમના ત્રણ વાંચરાઓમાંથી એકને આંખ બંધ રાખવાનું કહેલું! યુ.પી.ના કલ્યાણસિંહે તો કહ્યું કે, 'શિંદેને પાગલખાનામાં મોકલી દેવા જોઇએ!' અમારૂં માનવું છે કે જો તેમ કરીએ તો અત્યારના સંજોગોમાં પાગલખાનાના બધા જ પાગલો ડાહ્યા થઈ જાય! થર્મલ શોક લાગવાને કારણે! કારણ કે અત્યારની ૪ ડિગ્રી સેલ્સિયસની હાડ થીંજાવી જાય તેવા સ્ટેટમેન્ટથી થર્મલ શોક ન લાગે તો શું થાય?! અને થર્મલ શોકની માનસિક અસર તો થાય જ ને! એટલે એ રીતે એક સારૂં પરિણામ આવે કે એક શિંદેના પાગલ થવાથી બીજા સેંકડો પાગલો ડાહ્યા થઈ જાય!

શિંદેના આવા સ્ટેટમેન્ટથી પાકિસ્તાનવાળાઓ રાજીના રેડ થઈ ગયા! ભયંકર આતંકવાદી હાફીઝ સઈદે (મેં અહીં હાફીઝની આગળ 'શ્રી' નથી લગાવ્યું તેથી દિગ્વિજયસિંહની લાગણી કદાચ દુભાશે!) તો ફટાકડા ફોડવા માંડ્યા હતા! અને કદાચ મુંબઈ પરના બીજા હુમલાની તૈયારી પણ શરૂ કરી દીધી હશે! એક એવી અફવા પણ સાંભળી છે કે તેણે તેના વસિયતનામાં શિંદેનું નામ પણ ઉમેરી દીધું છે!

પ્રધાનો, રાજદ્વારીઓ, સંતો-મહંતો વિગેરેમાં આજકાલ વિવાદાસ્પદ સ્ટેટમેન્ટ કે 'ફતવા' બહાર પાડવા એ જાણે ફૅશન બની ગઈ છે!

એક કહેવાતા સંતે દિલ્હીના ગેંગરેપ પછી સ્ટેટમેન્ટ કર્યું કે 'જો કન્યાએ ગુંડાને ભાઈ બનાવી દીધો હોત તો કદાચ આ ઘટના નિવારી શકાઈ હોત!'

બુધ્ધુના બારદાન છે ને!!

પરંતુ આ સ્ટેટમેન્ટ પછી દિલ્હીમાં જયારે બે બહેનપણી સાંજના શૉ માં પિક્ચર જોવા જતી હતી ત્યારે તેમના મમ્મી-પપ્પાએ પૂછ્યું કે, 'સાથે રાખડી તો લીધી છે ને?!' ૭/૮ રાખજો કારણે કે કોણ જાણે કેટલાને ભાઈ બનાવવા પડે!'

વળી યુ.પી.માં 'ખાપ' પંચાયતોએ એક ફતવો બહાર પાડ્યો છે! તે મુજબ અમુક સમાજની સ્ત્રીઓએ મોબાઈલ વાપરવાની છૂટ નથી, સલમાન રશ્દીની 'સેતાનિક વર્સીસ' નૉવેલ વાંચવાની છૂટ નથી તેમજ અમુક વયની યુવતીઓએ બુરખા વગર બહાર નીકળવાની છૂટ નથી!

લ્યો બોલો! કેમ જાણે દેશમાં 'ખાપ'ના બાપનું રાજ ચાલતું હોય!

યુ.પી.માં આવી પરિસ્થિતિમાં એક બહેન બુરખા વગર બહાર જઈ રહ્યા હતા ત્યારે ઘરમાંથી અવાજ આવ્યો, 'અરે, બર્થ સર્ટીફિકેટ તો લેતી જા!' 'ખાપ'વાળા પુછશે તો શું જવાબ આપીશ?!' આમ 'ખાપ' પંચાયતે નવું સૂત્ર આપ્યું છે કે 'બુરખો યા બર્થ સર્ટીફિકેટ!'

આવા લોકો ઈન્ટરનેટના જમાનામાં પત્થર યુગમાં જીવી રહ્યાં છે!

હવે તો ભગવાન જ બચાવે આપણા દેશ ને! પરંતુ અમને તો શંકા છે કે એક ભગવાન પણ આવા અસંખ્ય બુધ્ધિના બારદાનોને પહોંચી વળશે?! આવા લોકો મારે તો તેત્રીસ કરોડ દેવીદેવતા એક સાથે કામે લાગશે ત્યારે પત્તો ખાશે!

ચાલો, આ દેવદેવતાઓને Best Luck કહી આગળ વધીએં!

તો હવે શિંદે પરથી સરહદ પર જઈએ! પરંતુ અહીં પણ હૈયા હોળી જ છે!

L.O.C એ ફક્ત આપણા માટે જ લક્ષ્મણરેખા છે! આપણા સૈનિકોથી એ ન ઓળંગાય બાકી પાકિસ્તાનવાળાઓ માટે તો એ 'રાવણ રેખા' છે!

એ લોકો તો એ રેખા ઓળંગી આપણા સૈનિકરૂપી સીતાનું હરણ કરી તેનું માથું કાપીને પણ લઈ જાય છે!

આવું થઈ ગયા પછી પણ આપણા પ્રધાનો અને સૈન્યના વડા કહે છે કે 'આપણે કોઈ પણ પડકારને પહોંચી વળવા સક્ષમ છીએ!!'

આપણા સૈનિકોનું માથું કાપીને લઈ ગયા તેને આ લોકો પડકાર જ માનતા નથી! બુધ્ધિના બારદાન તે આનું નામ!

વળી આ સંબંધે પાકિસ્તાનવાળા વાટાઘાટા કરવા તૈયાર થઈ જાય છે ત્યારે તેને આપણા મીડિયાવાળા હેડીંગમાં આ રીતે વધાવી લે છે -

'આખરે પાકિસ્તાન ઝૂક્યું! વાટાઘાટા માટે તૈયાર!'

કોઈ પણ સામાન્ય બુધ્ધિ ધરાવનાર નાગરિકને પણ આપઘાત કરવા પ્રેરે તેવું હેડીંગ કે બ્રેકીંગ ન્યૂઝ છે ને!

હવે આપઘાત કરવા પ્રેરે તેવું હેડીંગ કે બ્રેકીંગ ન્યૂઝ છે ને!

હવે વાટાઘાટોનો દોર ચાલશે! પાકિસ્તાનથી કદાચ વિષકન્યા જેવી હીના રબ્બાની ખાર જેવી ખૂબસૂરત બાનુ આવશે! ડ્રાયફ્રુટ ખાતાં ખાતાં આપણા પ્રધાનો અને સચિવો અને લળી લળીને વાતોનો દોર ચલાવશે!

ચર્ચાનાં અંતે વિષકન્યા જણાવશે કે માથું કાપ્યાના પુરાવા મોકલજો એટલે અમે તપાસ કરશું!

(વિષકન્યા ને તો ખ્યાલ હોય ને કે સૈનિકનું માથું તો તેના ખોળામાં છે! પુરાવા આપશે કયાંથી?!)

અને -

'ખાધું, પીધુંને રાજકીધું' ની જેમ વાર્તાના અંત આવશે!

આવું ને આવું ચાલ્યું તો એક દિવસ એવો આવશે કે દિલ્હીના લાલ કિલ્લા પર લીલો ઝંડો ફરકતો હશે!

રાજનાથસિંહ જોજો આવો દિવસ ન આવે!

# દિલ્હી દેશની પાટનગરી હોવાનાં કારણે મીડિયામાં બળાત્કારના કેસને કવરેજ બહુ સારૂં મળ્યું, આવો જ દર્દનાક બનાવ રાજસ્થાનમાં બનેલ હોવાથી રાષ્ટ્રના મીડિયામાં તે ઉચકાયો નથી

## પ્રજાસત્તાક દિને અશ્રુભીની આંખે
- પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ

દિલ્હી ગેંગરેપ બનાવમાં પીડિતાનાં મૃત્યુ બાદ સરકારે ઊંઘમાંથી સફાળી જાગીને કાયદામાં સુધારો કરવા માટે સમિતિની નિમણૂંક કરી છે. આ ધૃણિત બનાવ સામેનો લોક રોષ હજુ શમવાન્ નામ લેતો નથી. તેવામાં જ સમાચાર પ્રગટ થયા છે કે દિલ્હીમાં આ ઘટના બાદ પણ બળાત્કાર ગુનાઓની ટકાવારીમાં વધારો થાય છે. દિલ્હી દેશની પાટનગરી હોવાનાં કારણે મીડિયામાં બળાત્કારના કેસને કવરેજ બહુ સારૂં મળ્યું. આવો જ દર્દનાક બનાવ રાજસ્થાનમાં બનેલ હોવાથી રાષ્ટ્રના મીડિયામાં તે ઉચકાયો નથી. રાજસ્થાન સિકર નગરના બસ સ્ટેન્ડથી ૬ વ્યક્તિઓએ ગત ૨૦ ઓગસ્ટના રોજ ૧૧ વર્ષની બાળાનું અપહરણ કરી તેના પર બળાત્કાર ગુજારી, માર મારી શહેરની બહાર ફેંકી દીધી. નરાધમોએ બાળાને એટલી ક્રૂર રીતે મારપીટ કરી છે તે તેણી પણ છ મોટાં અને આઠ નાના ઓપરેશનનો કરવા પડ્યા છે. આમ છતાં પીડિતાની સ્થિતિ ગંભીર છે. ડૉકટરોનું કહેવું છે કે તેણીને ૨૨ ઓગસ્ટના રોજ જયારે હોસ્પિટલ લાવવામાં આવી ત્યારે તેઓ તેની સ્થિતિ જોઈને હબકી ગયા હતા. ગુદામાર્ગ તેમ જ યોનિમાર્ગમાં અનેક ઈજાઓ હતી. સર્જકોએ નવો ગુણમાર્ગ તૈયાર કરવા માટે આંતરડાનો ભાગ કાપવો પડ્યો હતો. મૂત્ર માટે પણ નવો માર્ગ તૈયાર કરવાની ડૉકટરોની ફરજ પડી હતી. ઑપરેશનો કરનાર સર્જનોનાં વડા એલ.ડી. અગ્રવાલે જણાવ્યું કે 'તેને બચાવવા અમે શ્રેષ્ઠ મહેનત કરી રહ્યાં છીએ. તેણીની સ્થિતિ જોઈને અમે આઘાત પામ્યા છીએ.'

આ છોકરી તેણીનાં પિતાનાં અવસાન બાદ પોતાની માતા સાથે દરભંગા (બિહાર) થી સગાંઓ પાસે કાંઈક કામ મળવાની આશાએ સિકર આવેલી હતી. છ બહેનો અને એક ભાઈ પરિવારમાં તે સૌથી નાની બહેન હોવાનું કહેવાય છે. તેણીની સ્થિતિ દિવસે દિવસે બગડી રહી છે.

બનાવની ક્રૂરતા ઉપરાંત પોલીસની ઉદાસીનતા પણ તેટલી જ આઘાતજનક છે. છોકરીનાં પરિવારજનોનું કહેવું છે કે બનાવ બાદ પોલીસે ફરિયાદ નોંધવા ઈન્કાર કર્યો હતો. સ્થાનિક લોકોએ વિરોધમાં રેલીનું આયોજન કરતાં દબાણનાં પરિણામે જ પોલીસે ફરિયાદ લીધી હતી. એમ કહેવાય છે કે બિહાર મુખ્ય પ્રધાન નીતિશકુમારે રાજસ્થાન મુખ્યપ્રધાન ગેહલોતને ફોનથી આ બાબતે રજૂઆત કર્યા બાદ જ કાર્યવાહી ઝડપી બની હતી.

સ્ત્રીઓને જૂતી ગણતાં સમાજનો આવો જ એક ભયંકર કિસ્સો મધ્યપ્રદેશમાંથી પ્રકાશમાં આવ્યો છે. મધ્યપ્રદેશ વડી અદાલતે ગત અઠવાડિયે જાહેર કરેલ ચુકાદાના કેસની વિગત એવી છે કે ત્રણ બાળકોની મુસ્લિમ માતાનું વેચાણ કરાયું હતું અને તેણીને વેશ્યા બનવાની ફરજ પાડવામાં આવી હતી. મહિનાઓ સુધી તેણી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ સ્ત્રીને વેચનાર ઉસ્માન નામની વ્યક્તિની સ્ત્રીએ હત્યા કરી નાખતાં ઈન્દોર જેલમાં તેણીને ખસેડવામાં આવી છે. જેલમાં પોતે સગર્ભા હોવાનું ધ્યાનમાં આવતાં તેણીએ ચીફ જ્યુડિશ્યિલ મેજિસ્ટ્રેટને ગર્ભપાત માટે કરેલ અરજી ૧૪ ડિસે.ના રોજ નકારવામાં આવી હતી. આ હુકમને પડકારતી અરજી તેણીએ વડી અદાલતમાં કરી અને ખુલ્લી અદાલતમાં તેણીએ પોતાની આપવીતીનું કથન કર્યું હતું. તેણી તદન ભાંગી પડેલ હતી અને તેણે સ્પષ્ટ જાહેર કર્યું કે પોતે બાળકને જન્મ આપવા ઈચ્છતી નથી. જસ્ટીસ શર્માએ કેસનાં ખાસ સંજોગો ધ્યાનમાં રાખીને અને સંબંધિત કાયદા (Medical Termination of Pregnency Act, 1971) (હેઠળ ગર્ભપાતની મંજૂરી આપતા સંજોગોની ચર્ચા કરીને ગર્ભપાત માટે મંજૂરી આપતાં ઠરાવ્યું કે બળજબરીપૂર્વક કરાયેલ જાતીય સમાગમથી ઉત્પન્ન થયેલ ગર્ભનો નિકાલ કરવાની કાયદો પરવાનગી આપે છે.

સ્ત્રીઓ સાથે ગેરવર્તાવનાં સૌથી વધારે ચોંકાવનારા સમાચાર છત્તીસગઢ રાજયના જશપુર જિલ્લાના છે. રાજય ગૃહપ્રધાન નાનકી રામે જણાવ્યા અનુસાર આ અને આસપાસના જિલ્લાઓમાંથી છેલ્લાં એક વર્ષ દરમિયાન ૬,૦૦૦ યુવતીઓ અને સ્ત્રી ગુમ થઈ છે. રાજયના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનાં અધિકારીઓ આ આંકડો બે ગણો હોવાનું જણાવ્યું છે. રાજયનાં પ્રૌઢ અને નિરંતર શિક્ષણ વિભાગે હાથ ધરેલ મોજણી મુજબ છેલ્લે ૭-૮ વર્ષ દરમિયાન ૨૦,૦૦૦ છોકરીઓને રાજય બહાર વેચવામાં આવી હતી. જશપુર જિલ્લાના થુથીઅમ્બા ગામની બસંતી (નામ બદલ્યું છે) નામની ૧૯ વર્ષની એક યુવતીએ ઘરકામ નોકરાણી તરીકે વેચી નાખવામાં આવી હતી. તેણી જણાવે છે કે તે જયાં કામ કરતી હતી ત્યાં ત્રણ જુદા જુદા માણસોએ તેનાં પર બળાત્કાર ગુજાર્યો હતો. તેણીએ અનેકવાર પ્રતિકાર અને ઘરમાલિકને ફરિયાદ કરવાં છતાં કોઈ મદદ મળી ન હતી. હાલે બસંતી ૧ વર્ષનાં બાળકને ઉછેરી રહી છે.


(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૬મી જાન્યુઆરી



- ગુજરાતી સાહિત્યને પ્રણયની ભીનાશથી ભીંજવનારા કવિ કલાપીનો જન્મ ૨૬-૧-૧૮૭૪. કલાપીનો કેકારવ હૃદય ત્રિપુટી સારસી - કાવ્યસંગ્રહો, કાશ્મીરનો પ્રવાસ, કલાપીની પત્રધારા - ગદ્ય, જેસલ તોરલ, ગોપીચંદ-મેનાવતી, ભર્તુહરિ વિક્રમ, જાલંધર, ગોપીચંદ જેવા સંવાદો લખ્યા.
- ૧૭૮૮ - ઓસ્ટ્રેલિયાના પાટનગર સિડનીનું ઉદ્‌ઘાટન.
- ૨૦-૧-૧૯૪૮ ભારતે પ્રજાસત્તાક બની બંધારણ અમલમાં મૂક્યું.
- ૧૬૨૭ - વૈજ્ઞાનિક રોબર્ટ બોઇલનો જન્મ.



- ૧૯૯૨ - ફિલ્મ અભિનેતા ભારત ભૂષણનું નિધન.